## <u>શ્રી નમસ્કાર મહામંત્ર પૂજન</u> જાન્યુઆરી ૨૦૨૦

તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૦, નૂતન વર્ષના દિવસે ઓશવાલ સેન્ટરમાં, શ્રી મહાવીર પ્રભુની કૃપાથી લગભગ ૪૦૦ જેટલાં ભાવિકોની સાથે નવકાર મંત્રનું મહાપૂજન થયેલ હતું. સવારે ૮.૦૦ વાગ્યે સ્નાત્ર પૂજાથી પ્રારંભ થયા બાદ ૯.૩૦ વાગ્યે શ્રી નમસ્કાર મહામંત્ર પૂજનનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

પૂજનમાં મુખ્ય યંત્રમાં શ્રીમતી અમ્રતબહેન નથુભાઈ શાહ પરિવારે લાભ લીધેલ હતો, તેમજ સાધર્મિક ભક્તિ (ભોજન)નો લાભ પણ તેમના પરિવારે લીધો હતો. તેમના પરિવારના દરેક સભ્યોએ હાજર રહીને ખૂબ જ ભાવથી પૂજન કરેલ હતું. નવકાર મંત્રના બીજા નાનાં યંત્રો પણ રાખેલ જેમાં અનેક ભાવિકોએ જગ્યા ઉપર બેસીને પૂજન કરેલ હતું. નવકાર મંત્રની સુંદર સમજણ ગુજરાતી અને અંગ્જીમાં આપવામાં આવેલ હતી. ભક્તિ અને સંગીતની રમઝટ સાથે પૂજ્ય શ્રી જયેશભાઈ તરફથી ખૂભ જ ભાવપૂર્વક ભણાવવામાં આવેલ પૂજનથી ઓશવાલ સેન્ટરનો હોલ ગાજી રહ્યો હતો.

નવા વર્ષના શુભ દિવસે પૂજન કરતાં દરેકને ભાવ કરાવેલ હતો કે આપણાં જીવનમાં, પરિવારમાં, સંઘમાં અને વિશ્વના બધાં જ જીવો પ્રભુના માર્ગે આગળ વધે, દરેક જીવ સારાં કામ કરે અને એકબીજાને મદદરૂપ બને એજ શુભ ભાવના નવકાર ભક્તિમાં કરાવેલ હતી.

પૂજન બાદ ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરેલ હતી, જેમા પધારેલ ભાઈ-બહેનો અને નાનાં બાળકોએ ખૂબજ આનંદથી લાભ લીધેલ હતો. આ સાથે શ્રીમતી અમ્રતબહેન નથુભાઇ શાહ પરિવારની તથા ઉછવણીમાં લાભ લેનાર ભાવિકો અને સ્વયંસેવકોની અનુમોદના કરીએ છીએ અને તેમનો અંતરથી આભાર માનીએ છીએ.

વર્ષાબહેન દિલીપભાઈ શાહ – OAUK ધાર્મિક સમિતિના અધ્યક્ષ

## <u>Shri Namasakar Maha Mantra Pujan</u> January 2020

With the blessings of Shri Mahavir Prabhu, approximately 400 devotees participated in the Shri Navkar Mantra Maha Pujan held on New Year's Day, Wednesday, 1st January 2020. The worship rituals commenced with Snatra Puja at 8.30am followed by the Navkar Maha Mantra Pujan at 9.30am.

The worship of the main Yantra was conducted by the family of Mrs. Amritben Nathubhai Shah who also performed Sadharmik Bhakti by sponsoring the lunch for all. Every member of their family was present and devotionally participated in the Pujan. Other devotees, whilst seated in their own seats performed the worship of the small Yantras of Navkar Mantra. The Navkar Mantra was beautifully explained in Gujarati and English. The Pujan was so devotionally conducted by Pujya Shri Jayeshbhai accompanied by live music and singing that the atmosphere in the Oshwal Centre Hall was indeed very lively and uplifting.

On this auspicious New Year's day, everyone who participated in the worship of the Navkar Mantra prayed for all living beings, in our families, the Sangh and in the world to excel in their lives by following the path of Prabhuji and for all to perform good deeds and help one another.

Great arrangements were made lunch for the young and old who joyfully enjoyed the meal following the Puja. We extend our sincere appreciation and thanks to Mrs. Amritabhan Nathubhai Shah and family, the pledger devotees and all the volunteers who worked selflessly during the day.

Varshaben Dilipbhai Shah – OAUK Religious Chairperson